# અમદાવાદમાં 'કરફ્યુ' વચ્ચે 'જગતના નાથ' નગરચર્યાએ નીકળશે

## અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રાને રૂપાણી સરકારની મંજૂરી : અખાડા, ટ્રક, ગજરાજ અને ભજન મંડળી, પ્રસાદ પર પ્રતિબંધ, રથયાત્રામાં માત્ર પાંચ વાહનોને જ મંજૂરી, રથયાત્રાનું લાઇવ પ્રસાર કરવામાં આવશે

ગાંધીનગર,તા.૮

અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રાને સીએમ રૂપાણી સરકારે પરવાનગી આપી દીધી છે. રાજયના ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાણકારી આપી હતી. કરફ્યૂ સાથે અમદાવાદમાં રથયાત્રા નીકળશે. અને મંગળા આરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહેશે. સાથે જ પહિંદ વિધિ સીએમ રૂપાણી અને નીતિન પટેલે દ્વારા કરવામાં આવશે.

રથયાત્રાના સમગ્ર માર્ગ પર પ્રસાદના વિતરણ પર પ્રતિબંધ



રહેશે. રથયાત્રા જ્યાંથી પસાર થવાની છે ત્યાં કરફ્યૂનો અમલ કરાવીને મંદિરથી પ્રસ્થાન કરીને નીજ મંદિરે પરત આવે ત્યાં સુધી દર્શનાથીઓ એકાએક રથની નજીક આવીને કોરોના પ્રોટોકોલનો ભંગ ન થાય તે માટે કરફ્યૂના અમલ સાથે રથયાત્રા કાઢવાની પરવાનગી આપી છે. અમદાવાદની ઐતિહાસિક અને ભવ્ય રથયાત્રા છે તેમાં સવારે દેશના ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીની અંદર ઉપસ્થિત રહીને વર્ષોની પરંપરા અનુસાર હાજર રહેશે. અને સવારે રથના પ્રસ્થાનની પહિંદ વિધિ સીએમ વિજય રૂપાણી અને નીતિન પટેલની ઉપસ્થિતિમાં મર્યાદિત લોકોની હાજરીમાં પહિંદ વિધિ કરી અને પછી રથનું પ્રસ્થાન કરવામાં આવશે.

આ જે ચિંતા કરી રહ્યા છે તેનું કારણ બીજી કોરોનાની લહેરનો આપણને અનુભવ છે અને સંભવિત ત્રીજી લહેર માટે રાજ્ય સરકાર અત્યારે આગોતરું આયોજન કરી રહ્યું છે. તેમાં આના કારણે કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે આ પ્રોટોકોલ રાખવામાં આવ્યા છે. લોકોને હું વિનંતી કરું છું કે રથયાત્રાના લાઈવ કવરેજ કરવામાં આવનાર છે. જેથી કરીને જુદી જુદી પોળોમાં લોકો એકત્રિત થતાં હોય છે, સમૂહ ભોજન કરતાં હોય છે. તેવામાં કોરોના પ્રોટોકોલ હેઠળ જે પરવાનગી આપી છે તેમાં કોઈએ રોડ પર આવીને દર્શન કરવાના નથી અને ટીવી ચેનલના લાઈવ કવરેજના માધ્યમથી દર્શન કરવાના છે.

રથયાત્રામાં પાંચ જેટલાં વાહનો રથયાત્રાની પરંપરાગત ૩ જેટલાં રથ, મહંત શ્રી સાથે પાંચ વાહનોને પરવાનગી આપવામાં આવશે. જે ખલાસીઓ રથ ખેંચતા હોય છે તેઓને ૪૮ કલાક આરટીપીસીઆર નેગેટિવ અને પ્રથમ ડોઝ રસીનો લીધો હોવો જોઈએ અને બંને ડોઝ લીધા હોય તેવા ખલાસીને અગ્રિમતા આપવામાં આવશે. અને નિયત માત્રાની અંદર અંતર રહે તેમજ નક્કી કરેલ લોકો સિવાય રથ પર કોઈ ઉપસ્થિત ન રહે તેની સૂચના આપવામાં આવી છે. જે લોકો



રથયાત્રા સાથે જોડાશે ફેસ કવર, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. કોરોનાની મહામારીની વચ્ચે પણ કોરોનાના કેસો સતત અભ્યાસ કરીને કયા પ્રકારે લોકોની આસ્થાનું જતન કરી શકાય તે માટે સીએમ રૂપાણી દ્વારા કોર કમિટીની અંદર આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ખાસ કરીને અમદાવાદ શહેરની રથયાત્રા નીજ મંદિરથી નીકળીને સરસપુર મોસાળમાં નિયત કરેલાં સમયે નિયત કરેલા લોકો ઉપસ્થિત રહેશે અને નિયત સમય સુધી જ રોકાણ કરાશે અને ફરીથી નીજ મંદિર સુધી પહોંચે ત્યાં સુધીનું આયોજન કરાયું છે. આ વખતની રથયાત્રા પરંપરાગત રથયાત્રા કરતાં અલગ રીતે કરવામાં આવી છે. હાથી, ટ્રકો, ભજન મંડળીઓ અને અખાડાઓને મંજૂરી આપવામાં આવેલી નથી.

૭ પોલીસ સ્ટેશનનો વિસ્તાર રથયાત્રા સાથે સંકળાયેલ છે અને તેમાં કરફ્યૂ લગાવવામાં આવશે. આગોતરી લોકોને જાણકારી આપવામાં આવી છે કે રથ નીજમંદરિથી નીકળી અને પરત ફરે ત્યાં પશ્ચિમ અને પૂર્વ અમદાવાદને જોડતાં તમામ બ્રિજ ટ્રાફિક માટે બંધ રાખવામાં આવશે.

## પહિંદ વિધિમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી અને મંગળા આરતીમાં ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે

### કોર કમિટીની બેઠકમાં સીએમ રૂપાણી દ્વારા લેવાયો નિર્ણય

રથયાત્રાની જાહેરાત કરતાં પહેલાં પ્રદિપસિંહે કહ્યું હતું કે, લોકોની શ્રદ્ધા અને આસ્થા જોડાયેલી છે. રથયાત્રા કેવી રીતે કાઢવી એના માટે રાજ્ય સરકાર સમક્ષ જુદા જુદા લેખિત અને મૌખિક રજૂઆતો આવી હતી. રાજ્યના એડિશનલ ચીફ સેક્રેટરી હોમ અને રાજ્યના ડીજીપી આશિષ ભાટિયાએ સમગ્ર અભ્યાસ કરીને સીએમ વિજય રૂપાણી સમક્ષ કોર કમિટીની અંદર તમામ મુદ્દાઓ અને પાસાઓ મુકવામાં આવ્યા હતા. જેમાં ગત વર્ષે કોરોનાની મહામારીને કારણે નામદાર કોર્ટે કહેતાં રથયાત્રા કાઢી શક્યા ન હતા. પરંતુ રાજ્યની અંદર સેકન્ડ વેવ પછી સતત રિકવરી રેટ ૯૮.૫૪ ટકા જેટલો થયો છે. અને હાલમાં સતત ૫૦ હજાર લોકોના ટેસ્ટિંગની પ્રક્રિયા તમામ જિલ્લા કક્ષાએ કરવામાં આવે છે. જેની અંદર પોઝિટિવિટિ રેટ ૦.૧ ટકા છે. ઘણા સમય પછી કોરોનાને કારણે ગઈકાલે એક પણ વ્યક્તિનું મોત થયું ન હતું. અને ૮.૧૧ લાખ લોકોએ અત્યાર સુધી કોરોનાને માત આપી છે. અમદાવાદ શહેરમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૧૩ જેટલાં રેટ છે. આ પરિસ્થિતિનો અભ્યાસ કરીને સીએમ સમક્ષ સમગ્ર રાજ્યમાં જે મુદ્દાઓ આવ્યા હતા તેના આધારે માર્ગદર્શક સુચનાઓ અને કોરોનાના નિયમો હેઠળ રથયાત્રા નીકળે તો કોરોનાનો વધારો ન થાય, લોકોની શ્રધ્ધા જળવાઈ રહે.

### અમદાવાદમાં રથયાત્રા માટે કઈ કઈ શરતો

- ફક્ત પાંચ વાહનો જ સાથે રાખી શકાશે.
- રથયાત્રાના રૂટ અને સમયે સમગ્ર વિસ્તારમાં કરફ્યુ લદાશે.
- ગજરાજો અને ટ્રક-અખાડા તથા ભજન મંડળીઓ રથયાત્રામાં નહીં જોડાય.
- પ્રસ્થાનથી નિજ મંદિર પરત સુધી ક્યાંય રથ રોકાશે નહીં.
- રથ ખેંચનારા ખલાસીઓનો આરટીપીસીઆર ટેસ્ટ ૪૮ કલાક પહેલા કરાશે.
- કોઈ દર્શનાર્થીને રથની નજીક દર્શનનો લાભ નહીં મળે.
- ભાવિકોને ટેલિવિઝનના માધ્યમથી રથના દર્શન કરવા અપીલ કરાઈ છે.
- રથયાત્રા દરમ્યાન પ્રસાદ વિતરણ નહીં થાય.
- રથયાત્રા રૂટના સમયે રૂટના તમામ બ્રિજ બંધ રહેશે.

## મેયર તથા કોર્પોરેશનના સત્તાધિશોએ રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું

મહત્વનું છે કે, ભગવાન જગન્નાથની ૧૪૪મી રથયાત્રાને લઈને અમદાવાદમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આજે મેયર તથા કોર્પોરેશનના સત્તાધિશોએ રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. મેયરે સૌ પ્રથમ જગન્નાથજીના મંદિરમાં પહોંચીને ભગવાનના દર્શન કર્યા હતાં. જ્યાર બાદ પદાધિકારીઓને સાથે રાખીને રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. મંદિરની આસપાસના રોડ પેચ વર્ક તેમજ બાકી કામ પણ પૂર્ણ કરાયા હતાં.

## નાણાંની બચત સાથે તેનું સુયોગ્ય આયોજન જરૂરી : રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભા ખાતે ગ.વા.માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાના કર્મયોગીઓ માટે આજે 'વેલ્થ મેનેજમેન્ટ' વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ સિદ્ધાર્થ ભટ્ટ અને નિલેશ શાહે નાણાંની બચત અને રોકાણ સંદર્ભે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે હેલ્થ મેનેજમેન્ટની સાથે વેલ્થ મેનેજમેન્ટ પણ આજના સમયની માંગ છે ત્યારે નાણાંની બચત સાથે તેનું સુયોગ્ય આયોજન કરવું જરૂરી છે. કોરોના મહામારીને કારણે નાગરિકોના આર્થિક આયોજનને પણ અસર પહોંચી છે એવા સમયમાં આ પ્રવચન કાર્યક્રમ અત્યંત ઉપયોગી નીવડશે.

અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ઉમેર્યું હતું કે ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા અત્યાર સુધી ૧૩૭ તાલીમ કાર્યક્રમો વિવિધ વિષયો પર યોજવામાં આવ્યા છે. છેલ્લા એક-બે વર્ષથી સંસદીય વિષયો ઉપરાંત હેલ્થ અવેરનેસ, વેલ્થ અવેરનેસ, યોગ, એક્યુપ્રેશર, મનોચિકિત્સા, હેલ્થ એન્ડ સ્ટ્રેસ મેનેજમેન્ટ અને ટેકનોલોજીનો માનવ જીવન પર પ્રભાવ જેવા વિવિધ ઉપયોગી વિષય ઉપર તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.



શહેરમાં અનેકવિધ વિકાસકાર્યો પ્રગતિમાં છે અને ગાંધીનગર કોર્પોરેશન હસ્તક ચાલતા આ વિકાસ કામો સંદર્ભે રેતી રોડની સાઈડમાં નાખી હોય છે જે કેટલાંક નાગરિકો ચોરી જતા હોય તેવી પ્રવૃત્તિઓ પણ સર્જાઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. આ રેતી ચોરીના કામમાં ઘણીવાર લોડીંગ વિકલ્પનો પણ ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે રોડ પરથી પસાર થતા વાહનચાલકો કે રાહદારીઓને ચોરી થઈ રહી હોવાનો અંદાજો આવતો નથી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે શહેરમાં ફૂટપાથો પર લગાડાયેલા પેવર બ્લોકસ પણ ગુમ થવાની ઘટનાઓ પણ સર્જાઈ રહી છે જેમાં આ પ્રકારની પ્રવૃતિ જવાબદાર હોઈ શકે છે. જવાબદાર તંત્રએ જાગૃત રહી સરકારી સંપત્તીને નુકસાન પહોચાડતી આ પ્રવૃત્તિ પ્રત્યે સજાગપણે લાલ આંખ કરવાની જરૂર જણાઈ રહી છે.

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ૬૧મી સાધારણ સભા યોજાઈ

મહેસાણા, તા. ૮

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી)ની સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. કોરોના મહામારીને ધ્યાનમાં




રાખી આ સભાનું વર્ચ્યુઅલ (ઈન્ટરનેટ દ્વારા) આયોજન કરવામાં આવ્યુ હતુ. દૂધસાગર ડેરીના વિવિધ મુખ્યાલય ઉપર સભાસદો હાજર રહ્યા હતા. મહેસાણા દૂધસાગર ડેરીના ઓડોટોરિયમ ખાતે ચેરમેન અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ આ પ્રસંગે સભાસદોને સંબોધતાં જણાવ્યું હતું કે અમારા તમામ વહીવટીય નિર્ણયોનો સૌથી પહેલો લાભ આપણા દૂધ ઉત્પાદકોને મળવો જોઈએ. તેઓએ આજે બીજીવાર ભાવ વધારો જાહેર કરતા અગાઉ કિલો ફેટે ૨૦ રૂ. અને આજે વધુ ૧૦ રૂ. ભાવ વધારો જાહેર કરતા દૂધસાગર સાથે જોડાયેલા લાખો પશુપાલકોને હવે કિલો ફેટે ૬૮૦ રૂપિયા પ્રાપ્ત થશે. ચેરમેને પોતાની વાત આગળ વધારતાં જણાવ્યું કે આશરે ત્રણ માસમાં લેવાયેલા પારદર્શક નિર્ણયોના પરિણામે ૨૩૭ કરોડ રૂપિયાનો નફો કરી શક્યા છીએ. સાગરદાણમાં ૫૦ રૂપિયાનો ભાવ ઘટાડો કરવા છતાં ગયા વર્ષે સાગરદાણના કારખાનાઓએ જે ૮૯ કરોડ નુકશાન કર્યુ હતુ તેની જગ્યાએ ભાવ ઘટાડો કરવા છતાં આ વર્ષે ૬ કરોડ નફો પ્રાપ્ત થયો છે.

પશુપાલકોની ગાય ભેંસની તંદુરસ્તીને ધ્યાનમાં લઈ સિંગલ કોલ વિન્ડોઝ એટલે કે ૧૦૮ ઈમરજન્સી સર્વિસનો અમલ શરૂ કરવામાં આવતાં એક જ કોલથી પશુપાલકોને સસ્તા ભાવે ઉત્તમ પશુ સારવાર મળી રહે તેવી સર્વિસનો એક ડેમો બતાવાયો હતો. નોંધનીય છે કે આ પ્રકારની સર્વિસ આપતી દૂધસાગર પહેલી ડેરી બની છે.

## સુરત ખાતે નવ નિર્મિત ગુજરાતના પ્રથમ એમેઝોન ડિજિટલ સેન્ટરનું ઉદ્ઘાટન

### સુરતમાં એમેઝોન ફેસિલિટિઝ સેન્ટર કાર્યરત થવાથી રાજ્યના સ્જીસ્ઈ ઉદ્યોગોને પોતાની ચીજવસ્તુઓના વેચાણ માટે ગ્લોબલ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સુરત ખાતે ગુજરાતના નવનિર્મિત પ્રથમ એમેઝોન ડિજિટલ સેન્ટરનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી જણાવ્યું કે સુરતમાં ૪૧,૦૦૦ કરતાં વધારે સ્જીસ્ઈ યુનિટ કાર્યરત છે. સુરતમાં એમેઝોન ફેસિલિટિઝ સેન્ટરનો લાભ પ્રાપ્ત થતાં રાજ્યભરના સ્જીસ્ઈ પોતાના ચીજ વસ્તુઓના વેચાણ માટે ગ્લોબલ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે.

આ પ્રથમ ડિજીટલ સેન્ટરનો સુરતમાં પ્રારંભ થવાથી 'ગુજરાત ફર્સ્ટ'ની પરંપરાની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે એમ પણ એમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં સુરત મિની ઈન્ડિયા તરીકે ઓળખ ધરાવે છે, દેશના વિવિધ રાજ્યના લોકો ડાયમંડ, ટેક્ષટાઈલ, જરી ઉદ્યોગમાં રોજગારી માટે સુરતમાં વસેલા છે. સુરતમાં ગ્લોબલ ટ્રેડ




કોમર્સ લીડર એમોઝોનના ડિજિટલ ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ થવાથી નાના, મધ્યમ કદના ઉદ્યોગોને લાભ થશે. નિયોજકો-ઉદ્યોગકારોને એમેઝોન જેવી વૈશ્વિક કંપનીનો સહયોગ પ્રાપ્ત થવાથી સોનામાં સુગંધ ભળશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં ઉમેર્યું કે સમગ્ર વિશ્વ આજે એક બજાર છે અને ગુજરાતના નાના વેપારીઓ અને આદિવાસી સમાજના હસ્તકળા કારીગરો પોતાની ચીજવસ્તુઓને વિશ્વ બજારમાં વેચાણ આ સેન્ટરની તાલીમ, મદદથી કરી શકશે. સેન્ટર કાર્યરત થવાથી રોજગારીની તકોમાં પણ વધારો થશે. આ ડિજિટલ કેન્દ્ર સ્જીસ્ઈ ક્ષેત્રના ઉદ્યોગોના નિયોજકોને ઓનલાઈન ટ્રેડિંગ માટે ટ્રેનિંગ અને માર્ગદર્શન તેમજ આવશ્યક સંસાધનો એક જ છત્ર નીચે ઉપલબ્ધ કરાવાશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું કે વૈશ્વિક કોરોના મહામારીમાં છેલ્લા બે વર્ષથી સમગ્ર દુનિયામાં આર્થિક ગતિવિધિઓને અસર પહોંચી છે પરંતુ વ્યાપાર-વાણીજ ગુજરાતીઓના જીન્સમાં જ છે. ગુજરાતીઓ આફતને અવસરમાં પલટવાનું સામર્થ્ય ધરાવે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કોરોના કાળમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને ઈ-કોમર્સ સ્વાસ્થ્ય સુરક્ષા માટે આવશ્યક બની ગયું છે, સમગ્ર વિશ્વમાં કોરોનાકાળમાં આર્થિક ગતિવિધિઓ મંદ પડી ગઈ હતી પરંતુ 'ના ઝુકના હૈ, ના રૂકના હૈ' મંત્ર સાથે રાજ્ય સરકારે પૂરી સતર્કતા અને સલામતી સાથે પ્રવૃત્તિઓ જારી રાખીને રાજ્યની અર્થવ્યવસ્થાને મંદ પડવા દીધી નથી.

### રાત્રિ કરફ્યુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૦૯:૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા વાણિજ્યિક એકમો ચાલુ રાખી શકાશે નહી.) કોર કમિટીની આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અધિક સચિવ શ્રી એમ. કે. દાસ, આરોગ્ય અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ અને વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

### મહિલાનું મોત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાની ફરિયાદો સાથે ન.પા.ની કચેરીએ પહોંચ્યા હતા. પરંતુ તંત્રએ આ સ્થિતિ હજુ ત્રણેક દિવસ રહેશે તેવો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. કલોલ શહેરમાં કોલેરાની સ્થિતિના અભ્યાસ માટે આજે રાજ્યની ઉચ્ચસ્તરીય ટીમ કલોલ પહોંચી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોની જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીને સાથે રાખી મુલાકાત કરી સ્થિતિની સમીક્ષા કરી હતી.

### જોશ નથી રહ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા દર્દીઓમાં બિરીવમેન્ટ.. સ્વજનોને ગુમાવાનો ભય..મંડરાયેલા રહે છે...કોરોનાની બીજી લહેરમાં મૃત્યુઆંક વધતા વ્યથિત પરિવારજનો હજુ શોકમગ્ન છે. કોરોના કાળમાં બધુ વર્ચ્યુઅલ થઈ જતા સ્વજનોના અગ્નિસંસ્કાર પણ વિધિ પુર્વક થઈ શકયા નથી. બેસણાના માધ્યમથી પણ પોતાના નજીકના સ્વજનોની હુંફ પણ મળી નથી. પોતાની વ્યકિત ગુમાવ્યાની સાથે વર્ચ્યુઅલ મોડની પણ સ્વીકૃતિ કરવાની ફરજ પડી છે. જેના લીધે લાગણીનો ઉભરો હજુ ઠલવાયો નથી. એકલતામાં પીડાતા વ્યથિત પરિવારોન ડુમો વળી ગયો છે. પોતાના પરિવારના સ્વજનને ગુમાવ્યા બાદ આર્થિક રીતે પણ કંગાળ બન્યા છે. દિશાશુન્ય બનેલા આ વ્યથિત દર્દીઓને આત્મહત્યા કરવાના વિચારો આવે છે. જીવીને શુ કરવુ.. સાહેબ ..પણ મરવાની હીંમત નથી.. અને જીવવાનો જોશ નથી..રહ્યો.. બીજીલહેર તો શમી ગઈ છે. પરંતુ સમાજજીવન તેની ઘાતક અસરોમાં હજુ વ્યથા અનુભવી રહ્યુ છે. જયારે આ દયાજનક સ્થિતિ વચ્ચે હજુ પણ ત્રીજી લહેરનો ભય માથે મંડરાઈ રહ્યો છે. આવા સંજોગોમાં કેટલાક હજુ પણ તદન બિન્દાસ્ત છે તો કેટલાક ખૌફમાં જીવી નહી પરંતુ જીરવી રહ્યા છે.. શહેરમાં કાતિલ કોરોનાના લીધે અનેક પરિવારો માટે મુસીબત ઉભી થઈ છે. કુંટુંબ પરિવારો વેરવિખેર થઈ ગયા છે. કોરોના કાળમાં શિક્ષિત શહેરમાં માનસિક બિમારીનુ પ્રમાણ વધ્યુ છે. શહેરમાં માનસિક બિમારી ધરાવતા દર્દીઓની સંખ્યા પણ ૫ ટકા વધી છે.

### ઓછી ઉંમરના...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી કેબિનેટ વિસ્તરણમાં જૂના ચહેરાઓને દૂર કરીને કેબિનેટમાં જે રીતે નવા અને યુવાન ચહેરાઓને સમાવવામાં આવ્યા છે, તે સ્પષ્ટ છે કે ભાજપ ભવિષ્ય માટે નેતૃત્વ તૈયાર કરી રહ્યું છે. મોદી સરકારમાં પહેલીવાર જીતીને આવેલા એક ડઝન યુવા નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. આગામી સમયમાં, આ નેતાઓ ચહેરો બનશે અને પાર્ટીને આગળ વધારવાનું કામ કરશે. પશ્ચિમ બંગાળમાં ચાર ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં બે મંત્રીઓ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના છે જ્યારે એક મંત્રી ૪૫ વર્ષના છે. નીસિથ પ્રમાણિક બંગાળના સૌથી યુવા પ્રધાન છે અને તે માત્ર ૩૫ વર્ષના છે. તો બીજી તરફ બંગાળના શાંતનુ ઠાકુરની ઉંમર માત્ર ૩૮ વર્ષ છે. તમિલનાડુથી એલ મુર્ગનને જગ્યા આપવામાં આવી છે.

### ટ્વીટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધર્મેન્દ્ર ચતુરે ૨૧ જૂને પોતાનું પદ છોડ્યુ હતું. ટ્વિટરે કેલિફોર્નિયા સ્થિત જેરેમી કેસ્લને ભારત માટે નવા ફરિયાદી અધિકારી નિમણૂંક કર્યા હતા, કેસલની નિમણૂંક નવા આઈટી નિયમો પ્રમાણે નહોતી, નિયમોમાં કહેવામાં આવ્યું છે કે ફરિયાદ નિવારણ અધિકારી સહિત બધા નોડલ અધિકારી ભારતમાં હોવા જોઈએ.

### ઈમરજન્સી પેકેજ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લડવા માટે ૨૩૧૨૩ કરોડ રૂપિયાના ઈમરજન્સી પેકેજને કેબિનેટે મંજૂરી આપી છે. કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યુ કે, નાળિયેર સેક્ટરમાં સંશોધન કરવામાં આવશે. વિશ્વભરમાં નાળિયેરના કારોબારને વધારવા માટે ભાર આપવામાં આવશે. આ સાથે નાળિયેર બોર્ડમાં સીઈઓની નિમણૂક કરવામાં આવશે. તેમણે કહ્યુ કે, એપીએમસી માર્કેટને મજબૂત કરવામાં આવસે. કૃષિ બજારોને વધુ સંસાધન આપવામાં આવશે. નરેન્દ્ર તોમરે કહ્યુ કે, સરકારના નિર્ણયથી કિસાનોની આવકમાં વધારો થશે. કૃષિ મંત્રીએ આગળ કહ્યુ- મોદી સરકાર સતત કિસાનો માટે પગલા ભરતી આવી છે. હું આંદોલન કરનારા કિસાનોને કહેવા ઈચ્છુ છું કે વારંવાર કહેવામાં આવે છે કે નવા કૃષિ કાયદામાં એપીએમસી ખતમ થશે.

### દુઃખદ નિધન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭ વખત રાજ્યના મુખ્યમંત્રી રહેલા સિંહ ૨૩ એપ્રિલથી મેડિકલ દેખરેખ હેઠળ હતા. તેમને ૧૩ એપ્રિલના રોજ કોરોના હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ તેમને મોહાલીની મેક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.